# મે. કઠોરનાં એડી. જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં.

**ક્રિમીનલ કેસ નંબર – ૨૧૨/૨૦૨૫**
**આંક–**

ફરિયાદી – ધી સ્ટેટ ઓફ ગુજરાત

વિરુદ્ધ

આરોપીઓ– (1) CHIRAG KANTIBHAI MANDANI
(2) MITESH PARESHBHAI PARMAR
(3) ANIL AMARUBHAI VALA
(4) SHAILESHBHAI BHARUBHAI DABHI
(5) MANISH JAYSUKHBHAI RAKHOLIYA
(6) RUTVIK RAMESHBHAI MER
(7) ANKITBHAI JAYSUKHBHAI BHUVA
(8) AJAY DHARAMSHIBHAI BHALIYA
(9) SANTOSH RADHABHAI SOHLA

**આરોપ – ભારતીય દંડ સંહીતાની કલમ ૨૮૩, ૨૮૬, ૩૩૬, ૧૮૮, ૧૪૪ મુજબ**

(૧) આ કામના આરોપી સામે કામરેજ પોલીસ સ્ટેશનમાં ભારતીય દંડ સંહીતાની કલમ ૨૮૩, ૨૮૬, ૩૩૬, ૧૮૮, ૧૪૪ મુજબનો ગુનાનો આક્ષેપ છે.
(૨) આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલો આપવામાં આવેલી છે અને આરોપીની પ્લી નોંધતા તેઓ સ્વૈચ્છાએ ગુનો કબુલ કરવા માંગે છે અને આરોપીએ ગુનો કબુલાત કરવા માંગતા હોવાની કબુલાત પુરશીસ આપેલ છે અને તેઓ ગુનો સ્વૈચ્છીક રીતે ગુનો કબુલ કરેલ હોવાનુ જણાવે છે. કબુલાત પુરસીસ વંચાણે લેતા, તેમાં જણાવેલ કારણો ધ્યાને લેતા, આરોપીઓ ગરીબ વર્ગનો માણસ જણાય છે તેમજ કુટુંબમાં માત્ર એક જ કમાનાર સભ્ય છે. બાળ બચ્ચાવાળા ઈસ્મ હોવાનું જણાઈ આવે છે. અને ભવિષ્યમાં બીજો ગુનો નહી કરવાની ખાતરી આપે છે તેમજ તેનો પ્રથમ ગુનો હોવાનું જણાય છે અને જો ઓછી સજા અને દંડ કરવામાં આવે તો સમાજમાં માન–મોભા ભર્યા સ્થાનથી જીવી શકે તેવા પ્રયત્નો કરી શકે તેમ છે. તે સંજોગોમાં તેમને ઓછામાં ઓછી સજા અને દંડ કરવો ન્યાયી અને ઉચિત માનુ છું.
(૩) વધુમાં નામદાર ગુજરાત વડી અદાલતે ૨૦૦૫ (૧) જી.એલ.આર. ૭૦૯, **સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટવર હરિચંન્દ્રજી ઠાકોર**ના કેસમાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલો છે કે, જો પુરતા અને વ્યાજબી કારણો હોય તો દરેક કેસની હકીકતને ધ્યાનમાં લઈ નીચેની અદાલતને કાયદામાં કરેલ લઘુત્તમ જોગવાઈ કરતા પણ ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે અને સદરહુ ચુકાદાનાં પાના નં–૭૧ ઉપર પેરા–૨૧ માં જે કારણો જણાવેલ છે તે ધ્યાને લેતા ઉપરોકત ચુકાદો આરોપીના કેસને મદદરૂપ થતો હોઈ તેમ જણાય છે. જેથી આરોપીની સ્થિતિ અને સંજોગોને ધ્યાને લઈ કાયદાએ સુચવેલ ન્યુનતમ સજા કરતા ઓછી સજા કરવા માટેનાં વ્યાજબી અને વિશિષ્ટ કારણો જણાય છે. જેથી ઓછામાં ઓછી સજા અને દંડ કરવો જોઈએ. તેમ હું ચોક્કસ પણે માનુ છુ અને સજા અંગે આરોપીને સાંભળ્યા બાદ ન્યાયનાં હીતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છું.

–:: હુકમ ::–

આ કામના આરોપીઓને કિ.પ્રો.કોડની કલમ–૨૫૨ મુજબ ભારતીય દંડ સંહીતાની કલમ ૨૮૩, ૨૮૬, ૩૩૬, ૧૮૮, ૧૪૪ મુજબના ગુના માટે પ્રત્યેક આરોપીને રૂ.**૧૦૦૦**/– (અંકે રુપીયા એક હજાર પુરા) **એમ કુલ મળીને રૂ.૯૦૦૦/–** નો દંડ ભરવાની સજા ફરમાવવાનો હુકમ કરવામાં આવે છે અને જો દંડની રકમ ભરવામાં કસૂર કરે તો તે બદલ દિન–૫ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ રોજ તારીખ ૧૪ માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ સ્પેશીયલ સીટીંગમાં ખુલ્લી અદાલતમાં વાંચી જાહેર કર્યો.

**તારીખ:– ૧૪/૦૩/૨૦૨૬**
**સ્થળઃ કઠોર.**

**(સ્વપ્નિલ કે. ફટાણીયા)**
**જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ, કઠોર**
**જજ કોડઃGJ01769**